**મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં જ્યુ.મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટમાં, મુ.અમદાવાદ.**
**ફોજદારી કેસ નં.૪૯૯/૨૦૨૪.**
**આંકઃ–૮**

**ફરિયાદીઃ– સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન ઈન્સ્પેક્ટર,**
**અમદાવાદ.**
**નાયબ શ્રમ આયુક્તની કચેરી, બીજો માળ, શ્રમ ભવન,**
**ખાનપુર, અમદાવાદ.**

**વિરુદ્ધ**

**આરોપીઓઃ-(૧) ટીમલીઝ સર્વિસ લી.**
**૨૧૫,૨૧૬, એ-બ્લોક સાકાર-૭, બીજો માળ,**
**આશ્રમરોડ, અમદાવાદ.**
**(૨)શ્રી રાજેશ સીસી-જનરલ મેનેજર**
**કે/ઓ ટીમલીઝ સર્વિસ લી.**
**૨૧૫,૨૧૬, એ-બ્લોક સાકાર-૭, બીજો માળ,**
**આશ્રમરોડ, અમદાવાદ.**

**ગુન્હોઃ– લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ની કલમ–૨૨(એ) મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

---

ફરિયાદી તરફેઃ–
આરોપી તરફેઃ– વિ.વ.શ્રી સંદીપ પટેલ.

---

**––:: હ રા વ ::–**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી ફેકટરી એક્ટની કલમ–૧૯(૧) નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતાં લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧ નાં **નિયમ– ૨૧(૧)(એ)** નાં ભંગ બદલ લઘુતમ વેતન અધિનિયમ કલમ–૨૨(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા સબંધિત કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ)વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ

અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીનાં ઓથોરાઈઝ્ડ પર્સન જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારનાં ઓથોરાઈઝ્ડ પરસન એ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમદાર વતી તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝ્ડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧) સદર કામે આરોપીઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે લઘુતમ વેતન અધિનિયમ ૧૯૬૧નાં **નિયમ– ૨૧(૧)(એ)નાં ભંગ** બદલ લઘુતમ વેતનની **કલમ–૨૨(એ)** હેઠળ તકસીરવાન ઠરાવી આરોપીને દરેક નિયમનાં ભંગ બદલ રૂા.૨,૦૦૦/– લેખે કુલ **રૂા.૪,૦૦૦/–(અંકે રૂપિયા ચાર હજાર પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં

આવે છે.

૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યક્તિ રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપી વતીથી ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૨૨–૦૬–૨૦૨૪નાં રોજ અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૨૨–૦૬–૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**( જુઝર અબ્બાસભાઈ રંગવાલા)**
**CODE : GJ00706**
**જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ ( જુનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

Abhijeet